રજાના દિવસે મગફળીની ખરીદી ચાલુ રખાતા અધિકારીઓને હાજર રહેવુ પડ્યુ

માર્કેટયાર્ડોમાં મગફળીના ઢગ ખડકાયા : નાફેડના અધિકારીઓ ટ્રકમાં મગફળી ભરાવી ગોડાઉન સુધી મોકલે છે : નાયબ મામલતદારોએ કામગીરીનો બહિષ્કાર કરતા ખેડૂતોને પણ મુશ્કેલી

હિંમતનગર, તા. ૨૩

દેવ દિવાળીના દિવસે એટલે કે શુક્રવારે જાહેર રજા હોવા છતાં સાબરકાંઠાના છ મગફળી ખરીદ કેન્દ્રો ચાલુ રહ્યા હતા. જેના કારણે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને હાજર રહેવુ પડ્યું હતું. દરમ્યાન શુક્રવારે હિંમતનગર કેન્દ્રમાં ૭૦ ખેડૂતોને મગફળી વેચવા માટે બોલાવાયા હતા. ગ્રેડિંગ અને તોલાઈની કામગીરી અટપટી હોવાને કારણે ખેડૂતોને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવુ પડે છે. તો બીજી તરફ ગુરૂવારે નાયબ મામલતદારોએ ખરીદીની કામગીરીનો બહિષ્કાર કર્યો હોવાને કારણે આ કામમાં જોતરાયેલા અન્ય કર્મચારીઓને કમને પણ કામ કરવુ પડે છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર સહીત અન્ય ચાર ખરીદ કેન્દ્રો પરથી ટેકાના ભાવે મગફળીની ખરીદી કરાઈ રહી છે ત્યારે અત્યાર સુધીમાં જિલ્લાના ૯૧૦ ખેડૂતો પાસેથી અંદાજે ૧૩૯૯૦ ક્વિન્ટલ મગફળી ખરીદી ચુકાઈ છે. દરમ્યાન શુક્રવારે દેવ દિવાળી હોવા છતાં હિંમતનગર ખરીદ કેન્દ્રમાં ૭૦ ખેડૂતોને મેસેજ કરી મગફળી વેચવા માટે બોલાવાયા હતા. જો કે ગુરૂવારે બોલાવાયેલા ૪૧ ખેડૂતો પૈકી ૩૫ ખેડૂતોની મગફળીની ખરીદી કરાતા સાંજ પડી ગઈ હતી. જેના કારણે બાકી રહી ગયેલા ખેડૂતોને શુક્રવારે ફરીથી બોલાવાયા હતા.

ઓછા કર્મચારીઓને લીધે હિંમતનગર કેન્દ્રમાં મગફળીના ઢગ ખડકાયા છે. જેના પરથી એવુ લાગી રહ્યુ છે કે નાયબ મામલતદારોએ કામગીરીનો બહિષ્કાર કરતા કર્મચારીઓની ઘટને કારણે નાફેડના અધિકારીઓ તથા કર્મચારીઓએ જાતે હાજર રહીને મગફળીની ખરીદી કરી મજુરો પાસે ટ્રકમાં ભરાવી ગોડાઉન સુધી પહોંચાડવાની પરોજણને લીધે જવાબદારી ખુબજ વધી ગઈ છે. તથા દિવસમાં ખરીદાયેલ મગફળી પૈકી ૨૫૦ બોરી મગફળી ટ્રકમાં ભરીને ગોડાઉનમાં મોકલી શકાય છે.

દરરોજ જેટલી મગફળી ખરીદવામાં આવે છે તે તમામ જથ્થો ગોડાઉન સુધી ન પહોંચાડી શકાતો હોવાને કારણે શુક્રવારે હિંમતનગર માર્કેટયાર્ડ ખાતે ૪ હજાર બોરી મગફળી પડી રહી. હજુ તો ઘણા દિવસ મગફળીની ખરીદી ચાલુ રહેવાની છે ત્યારે કદાચ આગામી સમયમાં ગોડાઉનો પણ ભરાઈ જશે. અને જો તે ગોડાઉનોમાંથી મગફળીને મીલો સુધી નહી પહોંચાડવામાં આવે તો એક તબક્કે આ કામગીરીમાં રૂકાવટ આવે તો નવાઈ પામવા જેવુ નથી.

મોડાસામાં ગાયત્રી ચેતના કેન્દ્ર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવનો કળશ યાત્રા સાથે પ્રારંભ

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત ગાયત્રી પરિવાર-મોડાસા દ્વારા નવ નિર્મિત ગાયત્રી ચેતના કેન્દ્ર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે શુક્રવાર કાર્તિક પૂર્ણિમા દેવ દિવાળીના દિવસે મંગળ કળશ યાત્રા (શોભાયાત્રા) મેઘરજ રોડ પર આવેલા ઉમિયા માતાજીના મંદિરેથી પ્રસ્થાન થઈ શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે સમાપન થયું હતું. શોભા યાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. શહેરમાં ભક્તિભર્યો માહોલ જોવા મળ્યો હતો. સાંજે સંગીત પ્રવચન જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

પાલનપુર રાજગઢી વિસ્તારમાં જીર્ણ મકાનમાં આગ

પાલનપુરના રાજગઢી વિસ્તારમાં આવેલા એક જીર્ણ અને ખંડેર હાલતમાં રહેલા મકાનમાં આગ લાગી હતી. જોકે, ફાયર ફાઈટરે આવી આગ પર કાબુ મેળવતા સ્થાનિક રહીશોએ હાશકારો અનુભવ્યો હતો.

પાલનપુરના રાજગઢી વિસ્તારમાં આવેલા એક જુના પુરાણા જીર્ણ થઈ ગયેલા મકાનમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. જોકે, બાજુમાં ટાવર હોઈ લોકો માં ભારે દોડધામ મચી હતી. દરમિયાન, પાલિકાના ફાયર ફાઈટરે દોડી આવી આગ પર કાબુ મેળવતા લોકોએ રાહતનો દમ લીધો હતો.

સોનગઢ નજીક કાર પલટતાં ચાલકનું સારવાર દરમિયાન મોત

પાલનપુર તાલુકાના સોનગઢ નજીક સપ્તાહ અગાઉ કાર પલ્ટી ખાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈજાગ્રસ્ત કાર ચાલકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. પાલનપુર પંથકમાં અકસ્માતોની હારમાળા વચ્ચે સપ્તાહ અગાઉ સોનગઢના પાટિયા પાસે કાર નંબર જી.જે.૦૧.એચ. ૬૬૮૪ પલટી ગઈ હતી. જેના ચાલક અમદાવાદ કલાપીનગરના યોગેશભાઈ સમુભાઈ પટણીને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે હરેશભાઈએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ધનસુરા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વાર મોઘવારી બેરોજગારી જેવા મુદ્દાને લઈને ધરણા

ધનસુરા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ ડીઝલ ના ભાવ વધારો,મોંઘવારી, બેરોજગારો ને રોજગારી આપવી, ખેડૂતો ને પોષણક્ષમ ભાવો આપવા,દૂધ ઉત્પાદકો ને સારા ભાવ આપવા વગેરે બાબતો ને લઈને ધરણાં કરવામાં આવ્યા હતા. જેમાં અરવલ્લી જિલ્લા પંચાયત ના પ્રમુખ હંસાબેન , અરવલ્લી જિલ્લા પંચાયત ના બાંધકામ સમિતિના ચેરમેન સચિનભાઈ પટેલ,ધનસુરા તાલુકા પંચાયત ના પ્રમુખ કનુભાઈ પટેલ,ધનસુરા કોંગ્રેસના પ્રમુખ ફતેસિંહ,ઓબીસી સેલ ના પ્રમુખ શામળભાઈ, ધનસુરા તાલુકા પંચાયત ના કારોબારી અધ્યક્ષ બચુભાઈ, ધનસુરા તાલુકા પંચાયત ના ન્યાય સમિતિ ના ચેરમેન શંભુભાઈ વસાવા સહિત કાર્યકરો મોટી સંખ્યા માં જોડાયા હતા.

બનાસકાંઠાના સંસદ અને કેન્દ્રીય રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરી પર પીએનબી કૌભાંડમાં ૨ કરોડની લાંચ લેવાનો આરોપ મુકવામાં આવ્યો છે. જેને લઈ સમગ્ર રાજ્યમાં ભાજપમાં ભૂકંપ સર્જાયો છે અને જે સંદર્ભે આજે જીલ્લા મથક પાલનપુર ખાતે જીલ્લા કોંગ્રેસ અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ધરણા યોજી અને સૂત્રોચ્ચાર કર્યા હતા. બાદમાં કલેકટર કચેરીએ રેલી સ્વરૂપે પહોચી આવેદન પત્ર પાઠવ્યું હતું અને ન્યાયિક તપાસની માંગણી કરી હતી.

પાલનપુરના કૃષ્ણનગરમાં ચોરી કરવા જતો યુવક ઝડપાયો

પાલનપુરના અમદાવાદ હાઈવે પર આવેલી કૃષ્ણનગર સોસાયટીમાં ચોરી કરતો એક પરપ્રાંતિય યુવક ઝડપાઈ ગયો હતો. જોકે, ચોરી કરવા જતા ઝડપાયેલો યુવક ઈજાગ્રસ્ત હોઈ પોલીસે તેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુરના અમદાવાદ હાઈવે પર સીએનજી પંપ પાછળ આવેલી કૃષ્ણનગર સોસાયટીમાં ગત રાત્રે ચોરી કરવા આવેલો ૨૮ વર્ષીય યુવક ઝડપાઈ ગયો હતો. કહેવાય છે કે, લોકોએ ચોરી કરતા પકડાયેલા યુવકને મેથીપાક આપતા તેને ઈજા થઈ હતી.

દરમિયાન, પોલીસે ચોરી કરતા ઝડપાયેલા રાજસ્થાનના બાડમેર જિલ્લાના શિવ તાલુકાના જીરાબ ગામના વિક્રમસિંઘ બાબુદાનસિંઘ સોઢા નામના યુવકને ડાબા હાથના ભાગે ઈજા થતા સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પાલનપુરમા ધોળા દિવસે બાળક ના અપહરણનો પ્રયાસ

પાલનપુર શહેરમાં અસામાજિક તત્વો માથું ઊંચકી રહ્યા હોવાની પ્રતીતિ કરાવતો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં શહેરના ગઠામણ વિસ્તારમાં રહેતા એક ૧૧ વર્ષના બાળકના અપહરણનો પ્રયાસ કરાતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુર કલેક્ટર કચેરીમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા ભરતભાઈ સોલંકીનો ૧૧ વર્ષીય દીકરો હિમેશ ધો.૬માં અભ્યાસ કરે છે. જેનું એક રિક્ષા ચાલકે ગઠામણ દરવાજા વિસ્તારમાંથી રિક્ષામાં બેસાડી અપહરણ કર્યું હતું. જોકે, રિક્ષામાં બેઠેલા બાળકે બુમાબુમ કરતા રિક્ષાચાલકે રિક્ષામાં રહેલા ટેપનો વોલ્યુમ વધારી દીધો હતો.

જોકે, બાળકના સદનસીબે ગુરુનાનક ચોક ખાતે ટ્રાફિક જામ થતા બાળકે હિંમત દાખવી રિક્ષામાંથી કુદકો મારી અપહરણકારની ચુંગાલમાંથી ભાગતા તેનો આબાદ બચાવ થયો હોવાનું પીડિત બાળક હિમેશે જણાવ્યું હતું. દરમિયાન, બાળક ના પિતાએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

સ્નેહમિલન યોજાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કરી કહ્યુ કે તેમણે ઓ.બી.સી. અને લઘુમતિ માટેના નિગમોની રચના કરી હતી. ઓ.બી.સી.ની અંદર આવતી જ્ઞાતિઓને તેમની વસ્તીના આધારે અનામતનો લાભ આપવાની માંગણી કરશે તેવા સંકેત આપ્યો હતો. તેમણે અનામતનો મુદ્દો રાજકીય અખાડો બન્યો હોવાનું કહી કહ્યુ કે મરાઠાઓને અનામત મળે તો પાટીદાર અનામત માંગે તે સ્વાભાવિક છે. એમણે પણ પંચ સમક્ષ માંગણી કરી જ છે. જોકે તેમણે રાજદ્રોહના આરોપ મુકવા અને મકાન ભાડે ન આપવુ તેવી વાતો યોગ્ય ન હોવાનો મત પણ રજુ કર્યો હતો. કથળતા જતા વહીવટીતંત્ર સામે પણ રોષની લાગણી વ્યક્ત કરી હતી એટલુ જ નહિ પ્રજાની અપેક્ષા અને આંકાક્ષાઓ પૂર્ણ થઈ શકે તેવા વચનો જ રાજકીય પક્ષોએ આપવા જોઈએ તેમ સ્પષ્ટ રીતે જણાવ્યુ હતુ. આ સ્નેહમિલન સમારોહમાં વીસ હજારથી વધુ લોકો ઉપસ્થિત રહેશે તેમ મનાઈ રહ્યુ છે. બાપુના આ સ્નેહમિલન પર પાટનગરના રાજકીય વર્તુળો મીટ માંડીને બેઠા છે.

ઈટાડી અંબાજી મંદિરે મા જગદંબાના દર્શનાર્થે ભક્તોનું ઘોડાપુર

કારતકી પૂનમના દિવસે કાર્તિક પૂર્ણિમા ઉજવવામાં આવે છે. કાર્તિક પૂર્ણિમાને અનેક રાજ્યોમાં દેવ દિવાળી કહેવાય છે. મોડાસાના ઈટાડી ગામે આવેલ અતિ પૌરાણિક અને મીની અંબાજી તરીકે સમગ્ર માઈ ભક્તોમાં અસ્થાના પ્રતીક એવા ઈટાડી અંબાજી મંદિરમાં દેવ દિવાળી પર્વમાં વહેલી સવારથી મોટી સંખ્યામાં જીલ્લા સહીત રાજ્યમાંથી ભાવિ ભક્તો ઉમટી પડ્યા હતા અને દર્શન સહીત મહા આરતીનો લાભ લીધો હતો.

રેફકોલ્ડ ઈન્ડિયા ૨૦૧૮માં યુએનઈપી દ્વારા 'મોન્ટ્રીયલ પ્રોટોકોલ અને કોલ્ડ ચેઈન' અંગે રસપ્રદ પરિસંવાદ

ગાંધીનગર, તા.૨૩

રેફકોલ્ડ ઈન્ડિયા ૨૦૧૮ના બીજા દિવસે કોલ્ડ ચેઈન ક્ષેત્રને સ્પર્શતા મોન્ટ્રીયલ પ્રોટોકોલ અને તેના પડકારો અને તકો વિશે રસપ્રદ અને પ્રેરણાદાયી પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર કમ એક્ઝીબીશન સેન્ટર, ગાંધીનગર ખાતે તા.૨૨ થી ૨૪ નવેમ્બર, ૨૦૧૮ સુધી ચાલનારા આ સમારંભમાં આ પરિસંવાદ યોજાયો હતો.

ISHRAE (ધ ઈન્ડિયન સોસાયટી ઓફ હીટીંગ, રેફ્રીજરેટીંગ એન્ડ એરકન્ડીશનીંગ એન્જિનિયર્સ) અને ન્યૂરેનબર્ગમેસ ઈન્ડિયાના સહયોગથી રેફકોલ્ડ ઈન્ડિયા ૨૦૧૮નું આયોજન થયું છે, જેમાં રસપ્રદ ટેકનિકલ વર્કશોપ્સ, પેનલ ચર્ચાઓ અને વિવિધ વિષયો આધારિત જ્ઞાનવર્ધક પરિસંવાદોમાં આ ઉદ્યોગની વિશ્વની પ્રસિધ્ધ વ્યકિતઓ માર્ગદર્શન પૂરૂ પાડી રહી છે.

બીજા દિવસનો પ્રારંભ શ્રી અયમાન ઈલ્ટાલોન્ટી (યુએન એન્વાયર્મેન્ટ-ઓઝોન એક્શન પ્રોગ્રામના રિજીયોનલ ડિરેક્ટર, મોન્ટ્રીયલ પ્રોટોકોલ વેસ્ટ એશિયા અને ઈન્ટરનેશનલ પાર્ટનરશીપ કો-ઓર્ડિનેટર) સાથેની બેઠકમાં મોન્ટ્રીયલ પ્રોટોકોલની સમીક્ષા અને પડકારો તેમજ તકો અંગે ૫ દેશોના લેખોમાં સમીક્ષા કરવામાં આવી હતી. ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રેફ્રીજરેશન, ફ્રાન્સના ડિરેક્ટર જનરલ-ડીડીઅર કોલોમ્બ દ્વારા ગોલ્ડ ચેઈન ટેકનોલોજી પર પ્રકાશ ફેંકતાં તેમણે આ ક્ષેત્ર અંગે સમજ આપવા પ્રયાસ કર્યો હતો. શ્રી પંકજ મહેતા (ગ્લોબલ ફૂડ કોલ્ડચેઈન કાઉન્સિલ (GFCCC)) એ GFCCC અને કોલ્ડચેઈન ડેટાબેઝ મોડેલના નિર્માણ અંગે વાત કરી હતી. અરવિંદ સુરાંગે (ASHRAE) સસ્ટેનેબલ રેફ્રિજરેટીંગ ફેસિલિટીઝના મહત્વ અંગે વાત કરતાં સસ્ટેનેબલ ડિઝાઈન અને ઓપરેશન અંગે મૂલ્યવાન માર્ગદર્શન આપ્યું હતું તથા શ્રી એલ્વીન જોઝ, મોન્ટ્રીયલ પ્રોટોકોલ અને એનર્જી એફિશ્યન્સી સ્પેશ્યાલિસ્ટ, યુએન એન્વાયર્મેન્ટ બંનેએ મરાઈન તથા ઓફ્ફશોર ફીશરી સેક્ટર અંગે ચર્ચા કરી હતી.

ભારત એ HCFCs નું બીજા નંબરનું સૌથી મોટું વપરાશકાર છે. ચીન પ્રથમ ક્રમે આવે છે, ભારત વર્ષ ૨૦૩૦ સુધીમાં HCFCs ની સંપૂર્ણપણે નાબૂદી માટે સંમત થયું છે. આ ઉપરાંત વર્ષ ૨૦૪૦ સુધીમાં HFCs ના વપરાશમાં ૧૫ ટકા ઘટાડો કરશે. આ અંગેના મુખ્ય પડકારોમા વ્યાપારી ધોરણે અર્થક્ષમ વિકલ્પો, વિકલ્પોના કોપી રાઈટસ અને હાલમાં ૪૬ સેક્ટરમાં રેફ્રીજરેશનનો ઉપયોગ થતો હોઈ આ અંગે ઘનિષ્ટ કુલીંગ વ્યૂહરચના ઘડી કાઢવાનું જરૂરી બનશે. ભારત જેવા દેશ માટે સંશોધન અને વિકાસ ક્ષેત્રને રેફ્રીજરેશન ક્ષેત્ર સાથે જોડીને શક્ય તેટલા ઉત્તમ વિકલ્પો શોધવાના રહેશે. મોન્ટ્રીયલ પ્રોટોકોલના અમલ માટે એક બહુલક્ષી ભંડોળ ઉભુ કરાયું છે અને અત્યાર સુધીમાં ૧૪૧ જેટલા વિકાસમાન દેશોએ તેનો લાભ લીધો છે.

'મહાકવિ માઘ' એવોર્ડથી સન્માનિત ડીસાના કિશોરભાઈ શાસ્ત્રીનું નગરની વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન

ડીસા, તા. ૨૩

અખિલ ભારતીય શ્રીમાળી બ્રાહ્મણ સમાજ સંસ્થા, પુષ્કર દ્વારા ડીસાના કિશોરભાઈ શાસ્ત્રીને 'મહા કવિ માઘ' પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

મૂળ લાખણી તાલુકાના જસરા ગામના વતની અને હાલ ડીસા ખાતે રહેતા શાસ્ત્રી કિશોરભાઈ કાંતિલાલ દવેને અખિલ ભારતીય શ્રીમાળી બ્રાહ્મણ સમાજ સંસ્થા દ્વારા ગત ૨૧ નવેમ્બરના રોજ 'મહા કવિ માઘ' પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા. ત્યારે ગત ગુરુવારે ડીસાના રીસાલા બજાર ખાતે નગરની વિવિધ સંસ્થાઓ દ્વારા પણ કિશોરભાઈ શાસ્ત્રીને ફૂલહાર પહેરાવી-શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે ડીસાની જાણીતી સંસ્થાઓ રાજપુર ડીસા પાંજરાપોળ, શિવસેના, સુભાષચન્દ્ર બોઝ સેવા સમિતિ, હિન્દુ હિત રક્ષા સમિતિ, સહયોગ સેવા ટ્રસ્ટ, ઢીમા શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ડીસા શ્રીમાળી બ્રહ્મણ સમાજ સહિત અનેક જાણીતી સંસ્થાઓના અગ્રણીઓએ ઉપસ્થિત રહી શાસ્ત્રી કિશોરભાઈ દવેને ફૂલહાર પહેરાવી શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે કિશોરભાઈ દવે અગાઉ ઈન્ડિયન એચિવર્સ એવોર્ડ, એક્સેલનસી એવોર્ડ, ગ્લોબલ હ્યુમન રાઈટ્સ એવોર્ડ પણ મેળવી ચુક્યા છે. કિશોરભાઈ શાસ્ત્રી હિંગળાજ સેના, ગુજરાતના ઉપાધ્યક્ષ છે અને આગામી ધર્મસંસદમાં બનાસકાંઠાના ધર્માસદ તરીકે પણ નિમણૂક પામ્યા છે. તેઓ મીડિયા જગતમાં પણ સક્રિય છે અને 'ગ્રાહક જાગૃતિ' સામાયિકના તંત્રી છે. તેઓ જેએન ટીવીના મુખ્ય સંપાદક અને 'બ્રાહ્મણત્વ' સામાયિકના આદ્ય સ્થાપક પણ છે.

વિવિધ સામાજિક સેવાઓમાં પણ અગ્રેસર રહતા કિશોરભાઈ દવેને 'મહા કવિ માઘ' એવોર્ડ એનાયત કરાતા તેમના શુભેચ્છકોમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

મેઘરજ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવા આવેદનપત્ર

મેઘરજ તાલુકાના સરપંચ એસોશિયેશને ગુરૂવારે મેઘરજ મામલતદારને મેઘરજ તાલુકો અછતગ્રસ્ત જાહેર કરવા આવેદનપત્ર પાઠવ્યુ હતુ. જેમાં જણાવ્યુ હતુ કે ચોમાસુ રૂતુમાં તાલુકામાં ઓછો વરસાદ થયો હોવાથી તાલુકાના મોટા ભાગના નાના-મોટા તળાવો સુકાઈ જવાના આરે છે. ત્યારે કુવા-બોરમાં પાણી ઓછા થતાં તાલુકામાં ભર શિયાળે પીવાના પાણી તેમજ ઘાસચારાની મોટી અછત સર્જાય તેમ છે. જેથી મેઘરજ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવાનુ જણાવાયુ છે. જેમાં સરપંચ એસોશિયેશનના મહામંત્રી રાકેશભાઈ પટેલ, પ્રમુખ કનુભાઈ મનાત તેમજ વાઘપુર, બેલ્યો, બેડઝ, છીટાદરા, કંટાળુ, લાલપુર, નવાગામ, ક. ગ્રામપંચાયતોના સરપંચો હાજર રહ્યા હતા.

ત્રાસવાદીઓ ઠાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઓપરેશન હજુ ચાલી રહ્યુ છે. બિજબહેરાના સેકિપોરા વિસ્તારમાં ત્રાસવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. માહિતી મળ્યા બાદ સેના અને જમ્મુ કાશ્મીર પોલીસ દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની ઓળખ હજુ સુધી કરવામાં આવી નથી. ત્રાસવાદીઓ હાલમાં તેમની હાજરી પુરવાર કરવાના પ્રયાસ કરી રહ્યા છે. ત્રાસવાદીઓમાં હાલમાં સેના દ્વારા સતત હાથ ધરવામાં આવી રહેલા ઓપરેશનના કારણે ખળભળાટ મચી ગયો છે. એક પછી એક મોટા ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવી રહ્યા છે. ત્રાસવાદીઓ પર તેમના આકાઓ તરફથી હાજરી પુરવાર કરવા વધતા જતા દબાણ વચ્ચે વધુ હુમલા કરવાના પ્રયાસ ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે ગુરૂવારે કુલગામમાં સેનાના આરઆર કેમ્પ પર કરવામાં આવેલા હુમલા બાદ સેનાના જવાનોએ તરત જ કાર્યવાહી કરી હતી. જો કે ત્રાસવાદીઓ હુમલો કરીને ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ ગુરૂવારે સવારે જમ્મુ કાશ્મીરના કુલગામમાં સ્કોસ્ટ રિસર્ચ સેન્ટર નજીક સેનાના કેમ્પ પર ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

સુરક્ષા દળોએ તરત જ જવાબી કાર્યવાહી કરી હતી. આ હુમલામાં એક સ્થાનિક નાગરિક ઘાયલ થયો હતો. સેના અને સુરક્ષા દળો દ્વારા જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા ઓપરેશન ઓલઆઉટના કારણે હજુ સુધી લશ્કરે તોઈબા અને જૈશે મોહમ્મદના ખૂંખાર ત્રાસવાદીઓ સહિત સેંકડો ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. ત્રાસવાદી સંગઠનોની કમર તોડી દેવામાં આવી છે.જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા નજીક મંગળવારના દિવસે પાકિસ્તાન તરફથી ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરને જોરદાર ગોળીબાર કરવામાં આવ્યો છે. ઉપરાંત શોપિયન જિલ્લામાં મંગળવારે જ ભીષણ અથડામણ થઈ હતી. આ અથડામણમાં ચાર કુખ્યાત ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. ઠાર કરવામાં આવેલા ચાર ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં એક જવાન પણ શહીદ થયો હતો. અન્ય બે જવાન ઘાયલ થયા હતા. પુચમાં સરહદ પારથી બ્રિગેડ હેડક્વાટર્સને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કરવામાં આવ્યો હતો. શોપિયન જિલ્લાના નંદગામ વિસ્તારોમાં સુરક્ષા દળોને બેથી ત્રણ ત્રાસવાદીઓ છુપાયા હોવાન માહિતી મળી હતી. ત્યારબાદ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ચાર ત્રાસવાદીઓ ઠાર થયા હતા.પાકિસ્તાને વારંવાર ગોળીબાર કરીને સ્થિતીને ગંભીર અને વિસ્ફોટક બનાવવા માટેના પ્રયાસ કર્યા છે. તે પહેલા જમ્મુ કાશ્મીરના સોપિયનમાં જ રવિવારે અથડામણમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કરી દીધા હતા.

જમ્મુ કાશ્મીર પોલીસના કહેવા મુજબ ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધારીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. માર્યા ગયેલા બે આતંકવાદીઓની ઓળખ સોપિયાના નવાઝવાગે અને પુલવામાના યાવરવાલી તરીકે થઈ હતી. સતત મોટી કાર્યવાહી અને મોટી સફળતા સેનાને મળી રહી હોવા છતાં ત્રાસવાદીઓ હજુ સક્રિય રહ્યા છે.

અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ મારફતે ઘુસણખોરી કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. પાકિસ્તાની સૈના યુદ્ધવિરામનો ભંગ કરીને સતત ગોળીબાર કરી રહી છે. ગોળીબાર મારફતે ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. હાલમાં ઘુસણખોરીના પ્રયાસો પાકિસ્તાની ત્રાસવાદીઓએ વધારી દીધા છે જે સંકેત આપે છે કે, આગામી દિવસોમાં મોટા ત્રાસવાદી હુમલા થઈ શકે છે.

ભારે તંગદિલી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વેપાર મહામંડળના અધ્યક્ષ જર્નાદન પાન્ડેયે કહ્યુ છે કે ફેઝાબાદ અને અયોધ્યામાં માહોલને ખરાબ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. બંને શહેરોના લોકોને દહેશત સતાવી રહી છે કે આવનાર દિવસોમાં સ્થિતી સામાન્ય રહેનાર નથી. જેથી હિન્દુ અને મુસ્લિમ બંને પરિવારો જરૂરી રેશનિંગની ચીજો ખરીદવા લાગી ગયા છે. જો હિંસાની સ્થિતીને ધ્યાનમાં લઈને અયોધ્યા અને ફેજાબાદને કિલ્લામાં ફેરવી દેવાનો નિર્ણય પહેલાથી જ કરવામાં આવ્યો છે. હજારોની સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવી ચુક્યા છે. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણને લઈને સામાન્ય લોકોનો ટેકો મેળવી લેવા માટે મોટા પાયે આયોજન કરવામાં આવી રહ્યા છે. સમગ્ર શહેરમાં સીઆરપીએફની તૈનાતી કરવામાં આવી છે. અયોધ્યા અને ફેઝાબાદમાં કલમ ૧૪૪ લાગુ કરાઈ છે. પરંતુ ગુરૂવારે વિહીપને રોડ શો કરવાથી રોકવામાં તંત્રને સફળતા મળી ન હતી. વિવાદાસ્પદ સ્થળ પર વર્તમાન વ્યવસ્થા સાથે કોઈ ચેડાં ન થાય તે માટે કઠોર સૂચના આપવામાં આવી છે. અધિકારીઓએ સુરક્ષાના કારણોસર સંબંધિત માહિતી એકત્રિત કરવાનો ઈનકાર કરી દીધો છે પરંતુ રામજન્મ ભૂમિની અંદર અને બહાર વિશેષ સુરક્ષા જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. ફૈજાબાદમાં ડિવિઝનલ કમિશનર મનોજ સિંહાએ કહ્યું છે કે સંકુલની આસપાસ તેમને જવાને મંજુરી છે જે દર્શનના ઈરાદાથી જવા માટે ઈચ્છુક છે. બીજી બાજુ અયોધ્યા અને ફેઝાબાદમાં કેટલાક નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે. વિશ્વ હિન્દુ પરિષદ અયોધ્યામાં રામ મંદિર બનાવવાની માંગને લઈને સામાન્ય લોકો પાસેથી સમર્થન એકત્રિત કરવાના પ્રયાસમાં છે.

બંધ કરાઈ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ પંચે તમામ સીસીઆઈની સોશિયલ ઓડિટની પ્રક્રિયા હાથ ધરી હતી અને કહ્યું હતું કે નોંધણી વગર ચાલી રહેલી સંસ્થાઓને બે મહિનાની અંદર બંધ કરી દેવામાં આવશે. આ પહેલા કેન્દ્રિય મંત્રી મેનકા ગાંધીએ સીસીઆઈની દેખરેખ હેઠળ જિલ્લા સ્તર પર પગલા લેવા માટે સૂચના આપી હતી.